ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૪-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

ગૌમાંસ મુદ્દે વરવું રાજકારણ

ઉત્તરપ્રદેશમાં ગૌશાળાનું ઉદ્ઘાટન કરતી વખતે અખિલેશ મંત્રીમંડળના વરિષ્ઠ સભ્ય અને જાણીતા મુસ્લિમ નેતા આઝમ ખાને લાગણીસભર ભાષણ કરતાં કહ્યું કે મોદી સરકાર દેશમાંથી ગૌમાંસ નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંદ લાદે તો આપોઆપ ગોવધ અટકી જશે. પરંતુ 'પિંક રિવોલ્યુશન' સામે ઊહાપોહ જગાવી અઢળક મતો રળી લેનાર મોદી સરકાર આ મુદ્દે ચુપકીદી ધારણ કરી છે. આઝમખાનના ગૌમાંસ નિકાસ પર પ્રતિબંધનું સમર્થન કરતા નિવેદનની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ જસ્ટિસ માર્કંડેય કાટજૂએ કોઇ પણ ધાર્મિક હિંદુની લાગણી દુભાય એવું બીભત્સ નિવેદન કર્યું છે. તેઓ એમ માને છે કે ગૌમાંસની નિકાસ અટકાવાથી દુનિયામાં ભારની છબી ખરડાશે. આપણને બધા પછાત અને જુનવાણી માનસિકતાવાળા ગણી કાઢશે. એથી આગળ જઇ એમણે કહ્યું છે કે ગૌમાંસ ખાવામાં કશું ખોટું નથી, હું પોતે પણ ગૌમાંસ ખાઉં છું! આ કાટજૂ મૂળે કાશ્મીરી પંડિત છે. મુસ્લિમ નેતા આઝમખાન ગૌવધ અટકાવવા વાત કરે છે ત્યારે આ 'બ્રાહ્મણ' પોતે ગૌમાંસભક્ષણ કરતા હોવાની કબૂલાત કરે છે અને ગૌમાંસ નિકાસની તરફેણ કરે છે. કટ્ટર મુસ્લિમ નેતા આવૈસી મહારાષ્ટ્રમાં ગોવધબંધીનો અમલ થવાની ઘણા લોકોનો રોજગાર છીનવાઇ ગયો હોવાથી એને કરોડોનું નુકશાન થતું હોવાની રજૂઆત કરે છે. ગૌવધ બંધી થઇ શકતી હોય તો દારુબંધી કેમ નહીં? એવો મુદ્દો પણ એમણે ઉપસ્થિત કર્યો છે. ગાય હિંદુ માટે માતૃવત્ પવિત્ર પ્રાણી છે. દયાનંદ સરસ્વતીએ એને અર્થશાસ્ત્રની રુએ પણ ભારતીય જનજીવનની કામધેનુ ગણાવી છે. એનું એકેએક અંગ માણસને ઉપયોગી બની રહે છે. દૂધ તો ઠીક, એનાં મત્રમૂળ પણ ઔષધીય ગુણો ધરાવે છે. ગાય વેદના 'અદન્યા' - એટલે કે નહીં હણવાપાત્ર ગણાઇ છે. એ પૃથ્વીનું સ્વરુપ છે. એની આંખમાં કરુણા છે. ગાયના રુવાંટે રુવાંટે દેવતાઓ વસતા હોવાની માન્યતા પ્રતીકાત્મક હોય તો પણ કેવી રમણીય લાગે છે! એ જ ગાય કે જેને આપણે માતા તરીકે પૂજીએ છીએ, એના યોગક્ષેમ પ્રત્યે સમાજ તદ્દન બેદરકાર બની રહેલ છે. હવે ટ્રેકટરો અને મશીનો આવી જતાં બળદોની ગરજ રહી નથી. મોટા ભાગના બળદો કતલખાને જતા હોય છે. ભારત જેવાં દેશમાં ગૌવંશની કતલ થાય - ગૌવંશને ફક્ત આર્થિક માપદંડોથી જ માપવામાં આવે, તે ખરેખર ઘણી શરમજનક બાબત છે. આપણે જો વાઘ અને સિંહ જેવાં હિંશક પશુઓને રાષ્ટ્રીય પશુનો દરજ્જો આપી રક્ષણ પૂરું પાડી શકતા હોઇએ તો પરાપૂર્વથી આપણાં ખેતરોમાં હળે જૂતતા રહેલા બળદોના રક્ષણની આપણી ફરજ નથી? ખેતીપ્રધાન દેશ માટે તો ખરેખર બળદ રાષ્ટ્રીય પ્રાણી ગણાવું જોઇએ. ગૌમાંસના મુદ્દે ચાલી રહેલ રાજકારણની કરુણતા અને વિસંગતા તો જુઓ! ભાજપ શાસિત મહારાષ્ટ્રમાં ગોવધબંધીનો કાનૂન અમલી બની શકે છે પરંતુ ગોવાની ભાજપ સરકાર ગોવધબંધીનો અમલ કરવાની ઘસીને ના પાડે છે! જે ગાયના નામે સત્તા મળી, એની કતલ રોકવાની નૈતિક જવાબદારી ચૂકી જનારને શું કહેવું?

'સદાકાલ ગુજરાત ૨૦૧૫'નો જયપુર ખાતે ધમાકેદાર પ્રારંભ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકારના નોન-રેસિડન્ટ ગુજરાતી ફાઉન્ડેશન દ્વારા કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ)ના સહયોગથી જયપુરના બિરલા ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવેલા બે-દિવસીય પ્રદર્શન તથા કોન્ફરન્સ - 'સદાકાલ ગુજરાત ૨૦૧૫'નો આજથી પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે જ આ કાર્યક્રમમાં ગુજરાત બહાર વસતા ગુજરાતી સમુદાયના સભ્યો, ગુજરાતી સમાજના પ્રતિનિધીઓ, સાંસ્કૃત્તિક જુથો, સરકારી અધિકારીઓ, કફાના પ્રેમીઓ,વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો, બિઝનેસજગતના પ્રતિનિધીઓ, સંગીતના રસિયાઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો ઉદઘાટન સમારંભ ગુજરાત સરકારના બિનનિવાસી ગુજરાતી વિભાગના માનનીય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતામાં યોજાયો હતો, જે પ્રસંગે રાજસ્થાન સરકારના ઉદ્યોગ, એનઆરઆઈ, એન્ટરપ્રાઈસ વિભાગ, ડીએમઆઈસી, યુવા પ્રવૃત્તિઓ તથા રમતગમત વિભાગના માનનીય મંત્રી શ્રી ગજેન્દ્ર સિંહ, સીઆઈઆઈની રાજસ્થાન સ્ટેટ કાઉન્સિલના ચેરમેન અને મયુર યુનિક્વોટર્સ લિમિટેડના ચીફ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી સુરેશ પોદ્દાર, ગુજરાત સરકારના (એનઆરઆઈ તથા એઆરટીડી) સામાન્ય વહીવટ વિભાગના સચિવ આઈએએસ શ્રી એસ. બી. રાવલ અને એનઆરજી ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી એમ. આર. વરસાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ બે દિવસયી પ્રદર્શન તથા કોન્ફરન્સ યોજવા પાછફનો મૂફ હેતુ ગુજરાત બહાર દેશમાં તથા વિદેશમાં વસતા ગુજરાતીઓનો વતન સાથેનો નાતો વધુ મજબૂત બનાવી તેમના હૃદયમાં ગુજરાતી સંસ્કૃત્તિ અને પરંપરાને જીવંત રાખવાનો છે. આ ઉપરાંત રાજસ્થાન તથા ગુજરાતની જનતા વચ્ચે રહેલી સામ્યતા તથા સંબંધોને ઉજાગર કરવાનો હેતુ પણ આ કાર્યક્રમ ધરાવે છે.

ઉદઘાટન સમારંભને સંબોધતાં શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે ગુજરાત બહાર દેશમાં તથા વિદેશમાં વસતા ગુજરાતીઓએ ગુજરાતના તથા દેશના વિકાસમાં ઘણું મોટુ યોગદાન આપ્યું છે. આવા સંજોગોમાં હું તેમનો આભાર માનવાની સાથે સાથે ભવિષ્યમાં રાજ્ય દ્વારા વિકાસ માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેમાં પણ તેમનો સહયોગ માંગું છું.

કાર્યક્રમના ભાગરૂપે યોજાઈ રહેલા પ્રદર્શનમાં ગુજરાત દ્વારા ઔદ્યોગિક મોરચે સાધવામાં આવેલા વિકાસ, મેડિકલ ટુરિઝમના કેન્દ્ર તરીકે રાજ્યનો ઉદય, ગુજરાતનો ભવ્ય વારસો, હેન્ડીકાફ્ટ્સ તથા હેન્ડલુમ પ્રોડક્ટ્સ, રાજ્યના જાણીતા પર્યટક સ્થફો, કફાકૃત્તિઓ, ચિત્રો વગેરે પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

કાર્યક્રમના ભાગરૂપે સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જે આકર્ષણનું

કેન્દ્ર બન્યા હતા. વડોદરાના ઉલ્પા દેસાઈ તથા ગ્રુપ દ્વારા ગણેશવંદના, જગદીશ ત્રિવેદીનો કોમેડી શો, ગાંધીનગરના પંધત ગ્રુપનો પ્રાચીન ગરબો, ડાંગ જિલ્લાના શિવાજી ભોયે એન્ડ ગ્રુપના ડાંગી નૃત્ય, પોરબંદરના લાખનભાઈ આહીર તથા ગ્રુપનો મણિયારો રાસ, ગાંધીનગરના પંધત ગ્રુપની ટિપણી, ભરુચના સિદ્દી ગ્રુપનું સિદ્દી ધમાલ નૃત્ય અને તમામ જુથોએ સાથે મફીને કરેલી ગ્રાન્ડ ફિનાલે દર્શકોએ મન મુકીને માણી હતી.

કાર્યક્રમના બીજા દિવસે કોન્ફરન્સ અંતર્ગત વિવિધ વિષયો પર ચર્ચાસત્ર યોજવામાં આવશે. આ વિષયોમાં ગુજરાતના નાણાકીય ક્ષેત્રમાં રહેલી તકો, ગુજરાતનો ઈતિહાસ તથા સર્વગ્રાહી વિકાસ, ગુજરાતની લોકોની ઔદ્યોગિક સાહસિકતા, મહિલાઓનું ઉત્થાન, ગુજરાતમાં પર્યટન ઉદ્યોગ તથા મેડિકલ ટુરિઝમના વિકાસ માટેની તકો, ગુજરાતની સંસ્કૃત્તિ તથા સાહિત્યનું ભવિષ્ય વગેરે સમાવિષ્ટ છે.

ભારતીય વિશ્વકોશ અને 'મારા વિચારો'ની અર્પણવિધિ

વલ્લભ વિદ્યાનગર, ૧૧

ચારુતર વિદ્યામંડફના અધ્યક્ષ

ડૉ.સી.એલ.પટેલે સમાજ અને શિક્ષણની સેવાને સમર્પિત ૮૦ વર્ષ પૂર્ણ કરી ૮૧મા વર્ષમાં મંગળપ્રવેશ કર્યો એના સાદગીભર્યા આનંદોત્સવમાં શનિવાર, ૧૧ એપ્રિલ ૨૦૧૫ના રોજ નવા ઐતિહાસિક સુવર્ણપર્ણનો ઉમેરો થયો હતો : ચારુતર વિદ્યામંડળનાં સંશોધક ડૉ. ટીના દોશીલિખિત 'ભારતીય મહિલા વિશ્વકોશ' અને ડૉ.સી. એલ.પટેલના શિક્ષણવિષયક વિચારણીય લેખોનો સંપુટ 'મારા વિચારો'ની પ્રથમ નકલો તેમને અર્પણ કરવામાં આવી હતી.

શુક્રવાર, ૧૦ એપ્રિલે શિક્ષણ મહર્ષિ ડૉ.સી. એલ. પટેલનો જન્મ દિવસ હતો. કોઈમ્બ્તૂર ખાતેની હૉસ્પિટલમાં સફફ શસ્ત્રક્રિયા બાદ વલ્લભ વિદ્યાનગર પાછા ફરેલા ડૉ.પટેલે બંને નવપ્રકાશનો અંગે આનંદ વ્યક્ત કર્યો હતો. ચારુતર વિદ્યામંડળના નેજા હેઠફ જાણીતાં લેખક - સંશોધક અને સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપનાં અધ્યાપિકા ડૉ.ટીના દોશીએ જુલાઈ ૨૦૧૦થી ઑક્ટોબર ૨૦૧૩ દરમિયાન વેદથી મહાભારત સુધીની મહિલાઓની સ્થિતિ અંગે કરેલા સંશોધનના નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત ૮૨૦ પાનાંના ગ્રંથને આવકાર્યો હતો. ડૉ.પટેલે સંશોધક ડૉ. ટીના દોશીને આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે 'અત્યારે તમે જે વિશિષ્ટ કામગીરી સફળતાપૂર્વક કરી અને આગફ ઉપર પણ જે કામ તમારે કરવાનું છે તે આટલી જ સારી રીતે પાર પડે તેવા મારા આશિષ છે.'

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત જર્નલ 'વિ-વિદ્યાનગર'માં



જાન્યુઆરી ૨૦૧૦થી એપ્રિલ ૨૦૧૫ સુધીના અંકોમાં 'અધ્યક્ષસ્થાનેથી' કટાર હેઠફ સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે લખેલા વિચારોત્તેજક ૬૪ લેખોના સૅરલિપ દ્વારા પ્રકાશિત પુસ્તક 'મારા વિચારો' સૅરલિપના નિયામક અને 'વિ-વિદ્યાનગર'ના તંત્રી ડૉ. હરિ દેસાઈએ તેમને અર્પણ કર્યું હતું. આ પુસ્તકમાં શિક્ષણ અને શિક્ષણસંસ્થાઓના સંચાલનને લગતાં વિવિધ પાસાંને આવરી લેતા શિક્ષણમહર્ષિ ડૉ. પટેલના લેખો છે.

આ પ્રસંગે ડૉ.પટેલના અમેરિકાનિવાસી પુત્રો શ્રી શૈલેશ પટેલ અને શ્રી વ્રજેશ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટી એરિયા ટીચર્સ એસોસિએશન(સ્યુઆટા)ના અધ્યક્ષ પ્રા. એચ.ડી. પટેલ, મહામંત્રી ડૉ. મોહમ્મદરફી મન્સુરી, સૅરલિપ-સીડીસી પરિવારના ડૉ. વસંત પટેલ સહિતનાં સભ્યો ઉપસ્થિત હતાં.

નારી આંખે ન જોઈ શકતા બાળકોને કેમેરાની તાલીમ આપી

ધ અર્થિંગ ગ્રૂપે રંગભૂમિ દિવસની ઉજવણી અંધજન મંડળના બાળકો સાથે કરી : બાળકોને ફોટોગ્રાફી અને એકટીંગ શિખવાડી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર અર્થિંગ ગ્રૂપ દ્વારા રંગભૂમિ દિવસની અનોખી રીતે ઉજવવામાં આવી હતી. ગ્રૂપના સભ્યોએ પ્રજ્ઞાચક્ષુ બાળકોને ફોટોગ્રાફી શિખવાડી હતી તેમજ વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોને નાટક બતાવવામાં આવ્યુ હતુ.

ગાંધીનગરના યુવાનો દ્વારા ધ અર્થિંગ ગ્રૂપ ચલાવવામાં આવે છે. જે કંઈક હટકે પ્રવૃત્તિઓ માટે જાણીતુ છે. ગ્રૂપ દ્વારા રંગભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ વસ્ત્રાપુર સ્થિત અંધજન મંડળના ધોરણ-૯ થી ૧૧ના વિદ્યાર્થીઓને કલાત્મક ફોટોગ્રાફીની ટેકનીક શિખવાડી હતી.

પ્રજ્ઞાચક્ષુ બાળકોને પોર્ટ્રેટ, નેચરલ, સેલ્ફી, લેન્ડસ્કેપ જેવી અલગ અલગ તકનીકો સાંકેતીક ભાષામાં શિખવાડી હતી. શાળાના ગાર્ડનમાં બાળકોએ મન ભરીને કેમેરાની આંખે કેપ્ચરીંગ કર્યુ હતુ. જેનું આગામી સમયમાં પ્રદર્શન યોજવામાં આવશે.

રંગભૂમિ દિવસે વૃદ્ધાશ્રમના વડીલો વચ્ચે પ્રજ્ઞાચક્ષુ બાળકોએ નાટક ભજવ્યુ હતુ. જેનું સંચાલન ધ અર્થિંગ ગ્રૂપના સભ્યોએ કર્યુ હતુ. બાળકોને સ્ટેજ પર કેવી રીતે પરફોર્મ કરવુ તેની તાલીમ આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે આ નાટક આગામી સમયમાં દુરદર્શન ચેનલ પર બતાવવામાં આવશે. બાળકો નાટક અને ફોટોગ્રાફી શિખવાડવામાં ચિરાગ પારેખ, હર્ષદીપસિંહ જાડેજા, પરિધિ શેલત, કમલ પુરાની, ઋત્વિ શાહ, આર્ષ પંડ્યા અને પ્રફુલ પંચાલે સમય ફાળવ્યો હતો.

ખામોશ... જબાન કો લગામ દો...!!!

સુભાષચંદ્ર બોઝની આઝાદ હિન્દ ફોંજ કાયર હતી.....૪૯ લોકોની એવી ઈચ્છા છે કે કેટરીના કૈફ ભારતની રાષ્ટ્રપતિ બને.....૯૦ ભારતીય અક્કલમટ્ટા છે.....સંજય દતને બિચારાને છોડી દેવો જોઈએ... સચિન તેન્ડુલકરને ભારતરત્ન આપવો એ દેશનું અપમાન છે.....અને સૌથી શિરમોર ; ગાંધીજી બ્રિટીશ એજન્ટ હતા...!!!!! છે ને જમાવટ? જાણે એકે૪૭માંથી ધડાધડ ધાણીફૂટ ગોળીબાર થતો હોય ? આ છ નાના નાના સુવાક્યો કે કુવાક્યો કોઈ અમર ચિત્રકથા કે હસી કે ઠહાકે નામની કોઈ બુકમાંથી નથી લીધા પણ આ અમુક સેમ્પલ કુવિચારો તો ફક્ત એક જ મહાનુભાવના મુખકમળમાંથી નીકળેલા છે. જી હા, પ્રેસ કાઉન્સિલના અધ્યક્ષ અને પૂર્વ ન્યાયમૂર્તિ માર્કેનડ્ય કાત્જુની વૈચારિક વિકૃતિનો આ બેલગામ બકવાસ છે..!!!!

પેલું કહેવાય છે ને કે હર શાખ પે ઉલ્લુ બૈઠે હૈ, અંજામે ગુલીસ્તા ક્યાં હોગા? એકજેટલી માહોલ એવો જ છે. અને અહી એકલ દોકલ ઉલ્લુ છે જ નહિ, ઉલ્લુઓની આખી ફોજ છે ને એમાં ખાલી મંત્રીઓ, નેતાઓ કે આવા બુધ્ધિશાળી કહી શકાય એવા ગણમાનનીય વ્યક્તિઓ નહિ પણ આ સિવાયના ક્ષેત્રોના નવરા બેઠા નખ્ખોદ વાલે એવા ભેજાઓ પણ સામેલ છે. કાત્જુ કે કાજુ જેવાઓ વૈચારિક વિકૃતિમાં એકલા નથી પણ રોજ સવાર પડે ને કે એકાદ કાજુ, બદામ કે કીસમીસ એમના સડેલા ભેજાનું સરેઆમ પ્રદર્શન કરતા ફરે છે એમ કહોને કે એક પ્રકારનો બકવાસીય બલાત્કાર આપણા પર થતો રહે છે. એમણે તો શું છે ? અભી બોલા અભી ફોક કરવું તો આ નેતાઓ માં ના પેટમાંથી જ શીખીને બહાર આવ્યા હોય છે એટલે એમને કાઈ ફરક નથી પડતો પણ નેતાઓની આ કાછડીછુટ્ટી જીભના પાપે રાજકીય કે ક્યારેક બિનરાજકીય આમઆદમીઓને કલેજામાંથી એક જ નિસાસો નીકળે છે કે : અરેરેરે.... આ એ જ લોકો છે જેને આપણે ચા આસને બેસાડ્યા છે? આ એ જ છે જેને આપણે આદર્શો માનીએ છીએ?

આમ આદમી આવ્યું ને અરવિંદ એન્ડ પાર્ટી યાદ નાં આવે તો જ નવાઈ? ના..નાં...આપે દિલ્હીમાં રોપી દીધેલા સફળતાના ઝંડાની વાત નથી કરવી કે નથી કરવી આપે દિલ્હી માટે શું કર્યું કે કરશે એની? પણ હા અરવિંદમાં અને કાત્જુ જેવાઓમાં કાઈ ફેર નથી એ તો સાબિત થતા વાર નાં લાગી. બદલાવની રાજનીતિ લઈને રાજકારણનો કીચડ સાફ કરવા મેદાનમાં ઉતરેલા અરવિંદને દિલ્હીની પ્રજાએ ટેન્કરો ભરી ભરીને સીટો રૂપી પાણી આપ્યું પણ એ જ દિલ્હીની જનતા ત્યારે દંગ થઈ ગઈ કે જયારે એમણે ખબર પડી કે ઓહ માય ગોડ... અરવિંદના દીમાગી કીડા પણ બીજા પક્ષના દિમાગી કીડાઓથી બિલકુલ અલગ નથી. હશે હવે, જીભ તો લપસે જ ને ભાઈ, એમાં ક્યાં હાડકા હોય છે પણ ઈન્સાન કા ઈન્સાન સે હૈ ભાઈચારા યેહી પૈગામ હમારા જેવા પુનીત પાવન ભજનો ગાતી જીભ કે દિમાગના કોઈ બંધિયાર ખુણામાં કમીના કે હરામખોર જેવા રોકએનરોલ સોન્ગ્સ પણ સચવાયેલા હોય છે એવું જયારે બહાર આવ્યું ત્યારે થઈ આવ્યું કે શાબાશ....ઈસ હમામ મેં હર કોઈ નંગા હૈ..!!! સવાલ અરવિંદ, કાત્જુ કે હજુ આગળ આવા બીજા પીતળભેજાઓની વાત કરવાના છીએ એનો નથી પણ અચાનક ભારતવર્ષમાં - આયા મૌસમ બકવાસ કા - એવો માહોલ થયો છે એની છે...!!!

આપણા વડાપ્રધાન ઓછુ બોલવું અને કામ વધુ કરવું એમાં માને છે. વારંવાર મંત્રીઓની મીટીંગ કે પક્ષની મીટીંગોમાં પણ એમની એક જ સલાહ હોય છે કે કેવી રીતે વાદે કે મુતાબિક દેશમાં અચ્છે દિન લાવી શકાય પણ ખાટલે મોટી ખોટ એ છે કે એમના જ અમુક સાથીદારોનું માનવું એનાથી ઉલટું છે. અરવિંદ કે સોનિયાને તો એકાદ બે જ પિતળભેજાને વારવાના કે રોકવાના છે પણ મોદી સાહેબને આવા માથાના દુખાવાઓ ઘણા બધા છે, અને રોજ નવી નવી જીભડીઓ લપસતી જાય છે. વડાપ્રધાનને ફિકર એ વાતની છે કે બિનજરૂરી બકવાસથી સમગ્ર સરકારની છબી ખરાબ થાય છે. છતાં પણ મોદી સરકારના અમુક ડાઈમંડો ખુરસી મળતા જ એટલા ગેલમાં આવી ગયા છે કે આવ દેખા નાં તાવ ની જેમ ભેજાની ગંદકી બહાર કાઢ્યા કરે છે. ગીરીરાજસિંહનો સોનિયા ગાંધી વાળો બકવાસ આમાં લેટેસ્ટ છે. આ ભાય એ જ છે જેમણે સંસદની ચુંટણી વખતે બિહારમાં એક ચુંટણી સભામાં એલાન કરી દીધેલું કે જે લોકો નરેન્દ્ર મોદીના વિરોધમાં હોય તે પાકિસ્તાન જતા રહે. તારી ભલી થાય ચમના આઈ મીન ગીરીરાજ !!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

આમ જોવા જાવ તો સતત લોકનજરોમાં રહેવું હોય તો શોર્ટ એન્ડ સિપ્લ ટેકનીક છે કે સતત વિવાદમાં રહો. પેલું કહે છે ને કે પબ્લીસીટી ફંડા, પણ અહી ફંડાબ્ન્ડા કાઈ નહિ પણ ચોખ્ખે ચોખ્ખી દીમાગી દીમક જ દેખાઈ આવે છે. ખબર નહિ આ લોકોને આવા ક્રાંતિકારી બહુત હી ક્રાંતિકારી વિચારો ક્યા અને શું કામ આવે છે? એક સુંદર સવારે ગણપતિ રાજુ નામના એક પામર જીવને વૈચારિક કબજીયાત થઈ ગઈ ને પછી હળવા થવા એમણે ઓકી માર્યું કે હું તો પ્લેનમાં પણ માચીસ લઈને જાવ છે બિન્દાસ. સુખિયો ભાઈ તું...અમને તો ૨૦૦ મિ.લિ. થી મોટી બોટલ પણ નથી લઈ જવા દેતા. પણ આ તુચ્છ મનુષ્યને માચીસ લઈ જ જવા દે ને કે કેમકે આ ભાઈ ખુદ જ ઉડ્યન મંત્રી છે. આ તો સાલું એના જેવું થયું કે ખુદ ના દાગ ખુદે જ ઉઘાડા પાડ્યા. આ અક્કલમટ્ટા મીનીસ્ટરને એનું પણ ભાન નાં રહ્યું કે આમ કહીને હું મારી જ પોલ ખોલી રહ્યો છું, એમને બકવાસના સુરમાં એ જ ભાનનાં રહ્યું કે પોતાના આવા બચકાના અને બે ગંભીર નિવેદનથી પ્રજા અને ખાસ કરીને એવિએશન સેકટરને કેવું લાગશે? આવા અક્કલમંદ મંત્રી મેળવવા બદલ એ લોકો પેંડા વહેચે કે પછી છાતી કૂટે?.. પણ કહ્યું ને કે હું કેર્સ..? બકવાસની કબજીયાત થઈ હોય તો હળવા થયે જ છૂટકો..!!

ઓકે નેતાલોગથી થોડો બ્રેક લઈને બીજા બકવાસોનો કર્કશ અવાજ પણ સાંભળીયે જો કે એની સંખ્યા ઓછી છે પણ હકીકત એ છે કે બકવાસી બારીશ તો ઝમાઝમ વરસે જ છે. પપ્પા ઓફ યુવરાજ યોગરાજસિંહની વાત સાચી પડે તો બહુ ટૂંક સમયમાં લગભગ ૫૦૦ કરોડની સંપતી ધરાવતો મહેદ્રસિંહ ધોની ભિખારી થઈ જવાનો છે. જબરું કહેવાય ને? યુવરાજ તો બિચારો નાં નાં એવું કાઈ નથી કહીને ઢાંકપિછોડો કરતો રહે છે પણ ખબર નહિ યોગરાજની જીભ વારંવાર લપસી તો પડે જ છે અને સાથે ઓકે છે આવો ગંદવાડ. હજુ એઆઈબી નો કરન જોહરીયો વિવાદ માંડ માંડ શાંત થયો છે ત્યાં એ હટકે શો માં ખીલખીલાટ ઠહાકા મારતી દીપીકાની માય ચોઈસ જાણીને નવો વિવાદ ઉભો થઈ ગયો. આખોયે વિડીયો જાણી જોઈને અને વોગ મેગેઝીનની પબ્લીસીટી માટે જ બનાવ્યો હોય એવું લાગવા છતાયે દીપિકાએ બોલેલી એ બેચાર લાઈન પણ બકવાસ છે કે ખરેખર કોઈ સંદેશ એના પર તો આખ્ય દેશમાં તલવારો ખેચાઈ ગઈ ને વોગ અને દીપિકા બંનેને ભરપુર પબ્લીસીટી મળી ગઈ. જો કે ફિલ્મ સ્ટારો ને પબ્લીસીટી માટે કઈ પણ કરી છૂટવામાં જે ફાવટ છે એવી ફાવટ તો નેતાલોગમાં પણ ની મલ્લે...!!!!

ઘણીવાર આપણને ઘણા બધા નિવેદનો હસવા મજબુર કરતા હોય છે. ઘણીવાર એમ પણ થાય કે માઈક ને જોઈને એલફેલ બક્નારા લોકોની સંખ્યા વધતી જાય છે. સાલું આપણે પણ અમુક વાતો બોલતા બે ચાર વાર વિચાર કરીએ એવી બેબાક ને બકવાસી ભાષામાં આ આપણા સો કોલ્ડ આદર્શો બોલતા થઈ ગયા છે. જનરલી વિવાદી નિવેદનો કે પ્રતિક્રિયાને પબ્લીસીટી સાથે સીધો સબંધ હોય છે. બદનામ હુયે તો ક્યાં હુઆ નામ તો હુઆ...આ ન્યાયે એકવાર પબ્લીસીટીનો ચસ્કો પડી ગયો પછી સમયાન્તરે આવા ભડકાઉથી લઈને ભ્રામક અને મીઠ્ઠા વગરના નિવેદનો આપવાની આદત પડી જ જાય, ને ખાસ કરીને નેતાઓને તો આની કોઈ નવાઈ હોય જ નહિ કેમકે એમના તો નામ કે કાર્યનો તરજુમો જ જાહેર સેવક એવો થાય છે. એ એમ જ સમજતા હોય કે પ્રજા એકવાર ચૂંટે પછી આપણે કહીએ એ જ સાચું માનવાની છે. પણ આજકાલ જે થઈ રહ્યું છે એ લીટરલી પ્રજા પર વૈચારિક ઉત્પીડન જ કહી શકાય.

ભારતના રાજકારણમાં એક સમય એવો હતો કે ભાષણ કે જાહેર સમારંભોમાં એક ઔચિત્ય જળવાતું, ભાષણોમાં પણ વિરોધીઓને ખરીખોટી સંભળાવાતી પણ કોઈ વાક્ય પર્સનલ લેવલ સુધી નહોતું જતું. અટલબિહારી વાજપાઈ, ઈન્દિરા ગાંધીથી લઈને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આકમક ભાષણ શૈલીમાં પણ મહદઅંશે ઔચિત્ય જળવાઈ રહેતું પણ આજે ? એવું નથી કે ખાલી ભાજપમાં જ આવા નમૂનાઓ ભર્યા છે. આ રહ્યા મોર સેમ્પલ્સ....!! થોડા દિવસ અગાઉ જનતાદળના શરદ યાદવને વળી શું સનેપાત ઉપડ્યો તો દક્ષીણ ભારતની સ્ત્રીઓના લાલિત્ય પર એમણે ટૂંકનોંધ બોલી મારી, ને એ પણ સંસદમાં. છે ને ભાયડો ??? કોંગ્રેસમાં પણ આદરણીય દિગ્વિજયસિંહ કે મણિશંકર ઐય્યર જેવા માંધાતાઓ સમયાંતરે બકવાસી નિવેદનોથી પોતાની હાજરી પુરાવતા રહે છે. લાલુપ્રસાદ અને મુલાયમ ને તો માફ જ કરો..!!! મહિલાઓની જ વાત નીકળી છે તો પતિ મંત્રી હોય એનું ગુમાન પતિ કરતા પત્નીને વધુ હોય એવું બને ? બને ને... ગોવાના મંત્રીશ્રીના પત્નીએ તો હિંદુ સ્ત્રીપુરુષોએ કેમ જીવવું એની ગાઈડલાઈન જ બહાર પાડી દીધી અને એક કહ્યાગરા કંથની જેમ એમના મંત્રી પતિશ્રીએ પત્નીનો પક્ષ પણ લઈ લીધો કે મારી ઘરવાળી સાચી છે. હસવું કે રડવું એ નક્કી ના કરી શકીએ એવી આ જુગલજોડી ના કેસમાં બીજી જાણવા જેવી વાત એ છે કે ગોવાના આ મંત્રી દીપક ધવલીકરના ભાઈ કે જે પણ મંત્રી જ છે એમણે અગાઉ ગોવાના બીચ પર બીકીની પર પ્રતિબંધ મુકવાની માંગણી કરેલી...!!! હે ભગવાન...ઉઠા લે..!!

અત્યારે સિનારિયો જ એવો છે કે એકનું આવું અક્કલ વગરનું વિધાન આવે તો બીજાઓને એમ થતું હશે કે અલ્યા આપણે રહી ગયા કે શું? ને પછી એક પછી એક બક્વાસોની બોછાર પબ્લીકના માથા પર કમોસમી કરા ની જેમ પડતી જાય છે ને પ્રજા વિચાર્યા કરે છે કે કિતના ગીરોગે તુમ લોગ? ...ને આ ગીરાવટમાં ખાલી નેતા કે ફિલ્મ સ્ટારો જ સામેલ નથી. ધાર્મિક નેતાઓ અને સ્વ્યમસેવી લીડરો પણ સામેલ છે જ. જયાં ઓવેસી જેવા સો કોલ્ડ મુસ્લિમ નેતા આયેદિન અનાપસનાપ બકતા રહે છે, ગમે તેમ અને ગમે તેની વિરુદ્ધ કાદવ ઉછાળ્યા કરે છે તો સાધ્વી નિરંજન જયોતિ જેવા લોકોના મો માંથી પણ હરામજાદા જેવો અશોભનીય બકવાસ નીકળ્યા કરે છે. સરવાળે બકવાસનો બેક્ટેરિયા બધાને આભડી ગયો છે ને બીમાર પ્રજા થઈ રહી છે આઈ મીન પરેશાન.

મીડિયાને પણ આવા પતંગોને હવા આપવાની મજા આવે છે. ચેનલો પર ખેચીખેચીને ડીબેટ થાય છે પણ એજ મીડિયાને જનરલ વિ કે સિંહનું પ્રેસટીટ્યુટ આકરું લાગે છે... ઠીક છે રાજકારણી હોય કે પછી બીજા, ચર્ચામાં રહેવા કે પછી અક્કલનું પ્રદર્શન કરવા આવી બેતુકી વાતોને વિવાદોના મધપુડાઓ છેડ્યા કરે છે પણ આવું કરતા કે બોલતા પહેલા એમણે એ પ્રજાનો પણ વિચાર કરવો જોઈએ કે જેમણે એમને બકવાસ કરવા ચુંટીને નથી મોકલ્યા હોતા. બધા જ પક્ષોએ આવા બકવાસ પર લગામ મુકવી પડશે જો કે એનાથી ઉલટું લગભગ દરેક પક્ષ પોતાના આવા બકવાસી સભ્યનો બચાવ કરતો જ નજરે પડે છે. આવા ઢંગધડા વગરના નિવેદનો કે બકવાસ કરીને કોઈ મંત્રી કે અધિકારી એમ સમજતો હોય કે પબ્લિક ને કાઈ ખબર નથી પડતી તો એ બધાએ એટલું યાદ રાખવું ઘટે કે બકવાસની બદલે કામ થશે એની નોંધ પ્રજા વધુ લેશે . આવા લોકોએ આવા બકવાસી નિવેદનો કરતા પહેલા એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આફ્ટર ઓલ તેઓ જનપ્રતીનીધી છે અને વાણીવિલાસથી સરકારનો કે પ્રજાને કોઈ ખોટો સંદેશો નાં જવો જોઈએ. બાકી યે પબ્લિક હૈ સબ જાનતી હૈ ને છતાયે મંત્રી કે બીજા ઉચ્ચ હોદા પર રહેલો વ્યક્તિ જો આવા બક્વાસો કરતો રહેશે તો એ દિવસ દુર નથી કે ટોળામાંથી કોઈ એક હાથ ઉઠશે ને સટ